નાનું પણ દુષ્કૃત્ય કરવા બદલ શરમ આવવી એ નૈતિકતાની નિશાની છે
- ફુલછાબ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૪૫ | ૪ ઓગસ્ટ, ૨૦૧૪, સોમવાર; શ્રાવણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બ્રિફ

### બજેટ સત્રમાં ૩૦ ટકા ભાજપના સાંસદોએ ગાપચી મારી

સંસદના બજેટ સત્રમાં પાર્ટીનો વ્હીપ હોવા છતા ગાપચી મારનાર ભાજપના ૩૦ સાંસદોનો ખુલાસો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંત્રીશ્રી વૈંકેયા નાયડુ મારફતે માગ્યો છે. આ સાંસદોને પુછવામાં આવ્યું છે કે સંસદભવનમાં આવ્યા બાદ રજીસ્ટરમાં સહી કર્યા બાદ શા માટે તેઓ બજેટસત્રમાં હાજર ન રહ્યા આ બાબતની મોદીએ ગંભીર નોંધ લીધી છે.

### વિમા કવરેજમાં હવે વિદેશમાં સારવાર સામેલ

વિદેશમાં ગમે ત્યાં સારવાર કરાવી શકાય તેવી સુવિધા હવે વીમા કંપનીઓ આપી રહી છે. મેકસ બુપાએ તેમની પ્રમુખ પ્રોડકટ હાર્ટ બીટ હેલ્થ વીમા યોજનાની નવી આવૃત્તિ રજૂ કરી છે. જેમાં વ્યકિત, બાળકો અને વિસ્તૃત પરિવારને સામેલ કરવામાં આવ્યા છે.

### સૌથી ઓછી હાઈટ ધરાવતી મહિલા જ્યોતિ હોલીવુડની સિરિયલમાં

વિશ્વમાં સૌથી ઓછી હાઈટ ધરાવતી મહિલા તરીકે લિમ્કા બુક ઓફ રેકોર્સમાં નામ નોંધાવનારી નાગપુરની બાવીસ વર્ષની જયોતિ આમગે હવે હોલીવુડની એક ટીવી સીરીયલમાં ચમકવાની છે. જયોતિ એક હોરર ફિલ્મમાં ચમકવાની છે. હોલીવુડની જાણીતી ફોકસ કંપની સાથે જયોતિના બે ત્રણ મહિના માટે કરાર થયા છે.

# જિલ્લાની ૬૫ પાણી સમિતિઓને આજે ૮૫ લાખના પુરસ્કારો મળશે

## આજે મહાત્મા મંદિરમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે આ અનુદાન અને પુરસ્કાર એનાયત થશે : ૧૩ પાણી સમિતિઓ સંપૂર્ણ મહિલા સભ્યો ધરાવતી સમિતિઓ છે : પાણી સમિતિ સશક્તિકરણનો નવતર અભિગમ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાની ૬૫ જેટલી પાણી સમિતિઓને આજે રૂ. ૮૫ લાખથી વધુ રકમનું અનુદાન અને સન્માન પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે મહિલા પાણી સમિતિ સશક્તિકરણ સંમેલન યોજાયું છે જેમાં રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે આ અનુદાન અને સન્માન પુરસ્કાર એનાયત થવાના છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લાની ૧૩ ગ્રામ પંચાયતો જે સંપૂર્ણ મહિલા પંચાયત છે તેની પાણી સમિતિઓનું સંચાલન પણ મહિલાઓ જ કરી રહી છે તેનો પણ આમાં સમાવેશ થાય છે.

આજે મહાત્મા મંદિર ખાતે પાણી સમિતિ સશક્તિકરણ સંમેલનમાં રાજ્યની ૨૭૬૨ પાણી સમિતિઓને રૂ. ૨૭.૫ કરોડનું

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)


(તસવીર : કશ્યપ નિમાવત)

મિત્રતાની મસ્તી - વિશ્વભરમાં ઉજવાતો ફ્રેન્ડશીપ ડે નાના ભૂલકાઓ માટે મસ્તીભર્યું સેલીબ્રેશન બન્યું છે... ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધી મિત્રતાના અમર સંદેશને એક-મેકમાં ચરિતાર્થ કરવાનો પ્રયાસ કરતા હોય એમ લાગે છે... મિત્રતા જીવનનું અમૂલ્ય ઘરેણું છે... બાંધવી સહેલી છે, નિભાવવી અઘરી છે... આમ છતાં મિત્ર વિનાનું જીવન, જીવન જ નથી રહેતું... અને એના સંસ્કાર, એનો સંદેશ ફ્રેન્ડશીપ ડેના માધ્યમથી સમાજમાં વહેતો રહે છે...

# વરસાદની અનિયમિતતાથી ખેડૂતોમાં વાવણીનો 'મૂડ ઓફ'

## ગત વર્ષની તુલનામાં અત્યાર સુધીમાં ૩૦ હજાર હેકટરમાં ઓછુ વાવેતર થયું છે અને ૫૦ ટકા જ વરસાદ નોંધાયો હોવાનું તારણ

ગાંધીનગર, તા.૩

આ વર્ષે પણ ચોમાસાની અનિયમિતતા એ ખેડૂતોના વાવણીના ઉત્સાહ માટે 'મૂડ ઓફ'નું વાતાવરણ ઉભું કર્યું છે. ગત વર્ષની તુલનામાં જિલ્લામાં આ વર્ષે અત્યાર સુધીમાં ૫૦ ટકા જેટલો વરસાદ નોંધાયો છે તો ખેતીમાં વાવણી પણ ૩૦ હજાર હેકટરમાં ઓછી થઈ છે.

જિલ્લામાં આ વખતે વરસાદ ખેંચાયા પછી ધીમી ધારના વરસાદથી ખેડૂતોમાં આનંદ થયો હતો પરંતુ આ પછી સારા અને ભારે વરસાદની આશા રાખી બેઠેલા ખેડૂતોમાં હજુ નિરાશા પ્રવર્તી રહી છે. ડાંગરની ખેતી માટે વરસાદ ઓછો છે. એકાદ સારા વરસાદને બાદ કરતાં હજુ જિલ્લામાં ચોમાસુ જે સોળે કળાએ હોવું જોઈએ તે નથી એટલે ખેડૂતોમાં વાવણી માટેનો 'મૂડ ઓફ' થઈ ગયો છે.

જિલ્લામાં ગત વર્ષે અત્યાર સુધીમાં ૬૮૦ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો જયારે આ વર્ષે ૩૪૦ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી સારો વરસાદ કલોલ તાલુકામાં ૫૦૪ મી.મી. નોંધાયો છે. આ પછી માણસા તાલુકામાં ૩૯૫ મી.મી., ગાંધીનગરમાં ૨૩૫ મી.મી. અને દહેગામમાં ૨૨૭ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં ગત વર્ષે આ સમયગાળા સુધીમાં ૯૬ હજાર હેકટર વિસ્તારમાં વાવેતર થઈ ગયું હતું જયારે આ વર્ષે ૬૬,૩૩૯ હેકટર વિસ્તારમાં જ વાવેતર થયું છે. જેમાં સૌથી વધુ વાવેતર ૨૨,૪૫૭ હેકટર દહેગામ તાલુકામાં થયું છે. આ પછી ગાંધીનગર તાલુકામાં ૨૧,૩૫૨ હેકટર કલોલમાં ૬૪૧૨ હેકટર અને માણસામાં ૧૬,૧૧૮ હેકટર વિસ્તારમાં વાવેતર નોંધાયું છે.

ખેડૂતો સાથેની વાતચીતમાંથી

● અનુસંધાન પાન-૭ પર

# આવતા મહિને પેટા ચૂંટણીઓ યોજાશે

## વિધાનસભાની ૯ બેઠકો અને લોકસભાની વડોદરા બેઠકની પેટાચૂંટણી સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં યોજાવાની શક્યતા

ગાંધીનગર, તા. ૩

ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી નવ બેઠકો તેમજ વડોદરા લોકસભાની પેટા ચૂંટણીઓ અંગે ઓગસ્ટના અંતમાં અથવા સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં ચૂંટણીપંચ વિધિવત્ જાહેરાત કરશે.

સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યાનુસાર રાજીનામાથી છ માસમાં પેટા-ચૂંટણીઓ યોજવાની થાય. આ બેઠકો લોકસભાની ચૂંટણી પછી ખાલી પડેલી છે. સભ્યોના રાજીનામા મંજૂર થઈ ગયા છે.

આમ તો આ પેટા-ચૂંટણીઓ વહેલી જાહેર થઈ શકત પરંતુ મહારાષ્ટ્રની સામાન્ય ચૂંટણીઓ સાથે યોજાય તો સારૂ એવુ વલણ સરકારે અપનાવતાં આ પેટા-ચૂંટણીઓ હવે સપ્ટેમ્બરના અંતમાં યોજાશે તેમ મનાઈ રહ્યું છે.

રાજ્ય વિધાનસભાની નવ પેટા-ચૂંટણીઓ અને વડોદરા લોકસભા બેઠક માટે રાજકીય પક્ષોએ કવાયતો શરૂ કરી દીધી છે. આ વિસ્તારોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજનો પણ રાજકીય પક્ષોએ હાથ ધર્યું છે. જો કે આ બધી જ બેઠકો ભાજપના ગઢ સમાન છે પરંતુ પક્ષ તેમાં કોઈ કચાશ રાખવાના મૂડમાં નથી. તો વિપક્ષ પણ

● અનુસંધાન પાન-૭ પર

**મકાન વેચવાનું છે**

ન્યુ ગ્રીનસીટી સેકટર-૨૬, કોમન પ્લોટ પાસે, ૧૫૦ મી. પ્લોટ એરિયામાં આર્કિટેક ડિઝાઈનથી ફુલ બાંધકામ વાળુ મકાન વેચવાનું છે. D'Martની પાછળ

**મો. ૯૮૨૫૦૩૩૭૪૦**

# સે. ૨૩માં ગાડી ઘરમાં ઘુસી

## બેકાબુ બનેલા ડ્રાઈવરે ઈકો ગાડી દિવાલ તોડીને મકાનમાં ઘુસાડી દીધી : રસ્તા પર બેફામ જતી કાર ડીવાઈડર કુદીને મકાન તરફ આવી હતી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના ગ-માર્ગ પરથી બેફામ ગતિએ ઈકો ગાડી લઈને નિકળેલા ડ્રાઈવરે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા બપોરે સે. ૨૩ ખાતે ડીવાઈડર કુદાવીને ગાડી એક મકાનમાં ઘુસાડી દીધી હતી. દિવાલ તોડીને મકાનમાં ઘુસાડી દીધેલી ગાડીને નુકશાન થયું હતું. જો કે સદ્ભાગ્યે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા કે જાનહાની થવા પામી ન હતી.

મળતી માહિતી મુજબ આજે બપોરે એક વાગ્યાના અરસામાં ગ-માર્ગ પરથી સડસડાટ એક ઈકો ગાડી જઈ રહી હતી. કોઈ કારણોસર ઈકો ગાડીનો ડ્રાઈવર બેકાબુ થઈ જતા સે. ૨૪ના માર્કેટ તરફ જતા વળાંક સામે સે. ૨૩માં એક મકાનમાં ગાડી

● અનુસંધાન પાન-૭ પર






